સંવત ૨૦૭૨નું રાશિવાર ભવિષ્ય

દ્વારા આર્થિક પ્રગતિ થાય. અહીં તમને પોતાનાઓમાં સ્વાર્થ અને પારકામાં નિઃસ્વાર્થના દર્શન થશે. તમારી બુદ્ધિ તમારી સ્વાર્થવૃત્તિને ઉત્તેજન આપશે. વિચારોની ચંચળતાના કારણે તમે સ્થિર નિર્ણય ન લઈ શકો. કોર્ટ કચેરીને લગતા કાર્યોમાં વિલંબ બાદ સફળતાના યોગ બને. અહીં તમે ગમા અણગમાના ભેદથી પીડાશો. આર્થિક નુકસાનના યોગ બને. અહીં તમારે અગવડ-સગવડભરી મુસાફરીના યોગ બને.

તા. ૧૧-૮-૧૬થી ગુરુ તમારા બીજા ધનસ્થાને આવશે. કૌટુંબિક ધનસંપત્તિનું સુખ સારું રહે. તમે આગવું વ્યકિતત્વ મેળવવા માટેની ઝંખના કરશો. કુટુંબવૃદ્ધિના યોગ બને. વડિલો તરફથી વારસાકીય સંપત્તિ મેળવશો. પરિવારના સભ્યો સાથેનું તમારું વર્તન બદલાયેલું લાગશે. પરિવારના સભ્યો સ્વતંત્રતાના આગ્રહી બનશે. કંઈક પામવાની તમારી ઈચ્છાની તીવ્રતા ઓછી થતી જણાય. તમે વાસ્તવકિ જીવન જીવવાનો આગ્રહ રાખશો. કોઈ પણ પ્રકારના નકારાત્મક નિર્ણય લેવાથી દૂર રહી શકશો તો બચશો. દુશ્મનો તરફની પરશાની વધે. આશા અને વિશ્વાસના સહારે તમે જીવનકર્મને વફાદાર રહેશો. કોઈ પણ પ્રકારના નકારાત્મક નિર્ણયો લેવાથી દૂર રહેશો. સંયુકત પરિવારવાળાને વૈચારિક મતભેદો રહે. અહીં તમે સંયુકત પરિવારમાં પડેલી તિરાડને સાંધવાની નિરર્થક કોશિષ કરશો. કૌટુંબિક વ્યવસાય માટેની આર્થિક સહાયતા સારી મળે.

શનિ આખુ વર્ષ તમારા ચોથા સુખ સ્થાનમાં રહે છે. અહીં તમારે અઢી વર્ષની નાની પનોતી તાંબાના પાયે ચાલશે. જે આંતરિક શારીરિક તકલીફોમાં વધારો કરે. સાંસારિક જીવનમાં કંઈક ને કંઈક ઉપાધિ રહ્યા કરે. માતા પિતાને તકલીફો રહે. માતા સાથે વિચારોમાં અલગતા રહે. સ્થાવર ભૂમિ મકાન આદિના પ્રશ્નો વિલંબ બાદ સફળતાના યોગ બને. જન્મના ગ્રહો પ્રતિકૂળ હશે તો માતાના જીવનમાં કંઈક અજુગતું બને. નોકરીયાત વર્ગને નોકરીમાં પોતાની ફરજ નિભાવવા ઘણો ભોગ આપવો પડે. વડિલ વર્ગ તેમજ અંગત વ્યકિત દ્વારા મનદુઃખ થવાના યોગ બને. વધુ પડતા ખોટા ખર્ચાથી દૂર રહેવું જરુરી બને વિચારોની ચંચળતા તમને સ્થિર નિર્ણય ન લેવા દે. સમસ્યાનું નિરાકરણ લાંબા સમય બાદ થાય.

વર્ષની શરૂઆતમાં રાહુ તમારા બીજા ધનભાવે રહે છે. આ સ્થાનમાં તે અનુકુળ નથી. આંતરિક-કૌટુંબિક અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે. પરિવારના સભ્યો સાથે અણબનાવ રહે. વડિલવર્ગને નાની મોટી તકલીફો રહે. આર્થિક બાબતે ફસાઈ ન જવાય તેની કાળજી રાખવી. સંતાન અંગેની ચિંતા રહ્યા કરે. કોઈની પણ જામીનગીરી આપવાથી દૂર રહેવું. અનેક બાબતોમાં આર્થિક બોજો વધતો જણાય. સટ્ટાકીય કે સાહસિક કાર્યોથી દૂર રહેવું હિતાવહ ગણાય. પરિવારની એકતા ખંડિત થતી જણાય. કૌટુંબિક અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે. આર્થિક પ્રગતિ રુંધાતી જણાય.

કેતુ વર્ષની શરૂઆતમાં તમારા આઠમા સ્થાને રહે છે. જે આરોગ્ય અંગેની અનેક તકલીફો રાખે. પડવા વાગવા અકસ્માત કે શસ્ત્રક્રિયા સંબંધી તકલીફોથી સંભાળવું. આરોગ્ય બાબતે નકારાત્મક ફળ મળે. તમે નકારાત્મક ને હકારાત્મક બનાવવાની કોશિષ કરશો. ગુપ્તાંગ કે ગુપ્ત દર્દ સંબંધી તકલીફો રહે. કૌટુંબિક માનભંગ થવાના યોગ બને. તમારું મન શંકા-કુશંકાના વિચારોથી અસ્વસ્થ બનશે. હરસ મસા કે ગુપ્તદર્દને લગતી તકલીફો કે શસ્ત્રક્રિયા બને. વ્યવસાયિક ક્ષેત્રને સ્થિર રાખવાના તમારા પ્રયત્નો નિષ્ફળ થતા જણાય.

તા. ૨૯-૧-૧૬થી રાહુ તમારી રાશિમાં આવશે. અહીં તમારે અનેક સંકટ-મુશ્કેલીઓનો સામનો કરવો પડે. આંતરિક માનસિક અશાંતિ રહે. મસ્તકપીડા કે મગજ પર ખોટી ગરમીની અસરો વધુ રહે. નવી સમસ્યાઓ ઉભી થાય. ભાગીદારીના વ્યવસાયિકોને આર્થિક નુકસાનના યોગ બને. કૌટુંબિક વિચારોમાં ઘર્ષણ રહે. અદૃશ્ય પ્રકારના વિરોધીઓનો સામનો કરવો પડે. અંગત સંબંધોમાં તિરાડ પડે. લોહી વિકાર કે બ્લડપ્રેશર અંગેની તકલીફવાળાએ સંભાળવું. કોઈ મોટી શારીરિક બિમારીના ભોગ બનાય.

તા. ૨૯-૧-૧૬થી કેતુ તમારા સાતમા સ્થાને આવશે. જે તમારા દામ્પત્યજીવન અંગેની નાની મોટી તકલીફો રાખે. આંતરિક ખટરાગ વધે. વિચારોમાં ઘર્ષણ રહે. ભાગીદારના વ્યવસાયિકોને લડાઈ-ઝઘડા કે ભાગીદારી છૂટી જવાના યોગ બને. ગુપ્તદર્દ કે વારસાકીય બિમારીના યોગ બને. પિત્ત વાયુ પ્રકૃતિવાળાએ સંભાળવું. અંગત ફરજ સમજીને કાર્ય બોજો વેંઢારતા રહેશો.

● **સ્ત્રીઓ માટે :** સ્ત્રીઓ માટે આ વર્ષ મિશ્ર ફળદાયી ગણાય. અપમાન સહન કરવાની શકિત રાખવી પડે. તમારા વર્તુળમાં સંબંધોની કઠોરતાનો અહેસાસ થશે. વ્યકિતગત સંયોગો સામે મૂંઝવણ અનુભવશો. આંતરિક જીવનમાં ગેરસમજો ઉભી થાય. નોકરી કરતી સ્ત્રીઓને ઉપરી વર્ગ તેમજ સહકાર્યકરો સાથે મનદુઃખ થવાના યોગ બને. હિતશત્રુઓમાં વધારો થાય. ભાઈ-ભાંડુ સાથે મનદુઃખના પ્રસંગો બને. સંતાનો સાથે વિચારમાં અલગતા રહે. પેટ સંબંધી શસ્ત્રક્રિયાના યોગ બને. માનસિક અસ્વસ્થતામાં વધારો થાય.

● **વિદ્યાર્થીઓ માટે :** વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મિશ્ર ફળદાયી ગણાય. મહેનત-પરિશ્રમ છતાં સફળતા નહીંવત મળતી જણાય ઈચ્છિત સફળતા ન મેળવી શકો. આળસ-બેચેનેથી દૂર રહેશો તેટલું સારું ફળ મેળવશો. તમારી વિચારશકિત મુજબ તમે મકકમ નિર્ણય લેશો. અભ્યાસ પરત્વે શંકાસ્પદ સ્થિતિ સર્જાય. મિત્રવર્ગથી દગો ન થાય તેની કાળજી રાખવી. શારીરિક તકલીફો તમારા અભ્યાસને અવરોધે. કૌટુંબિક અશાંતિના કારણે તમે બેચેન બનશો. અભ્યાસથી વિમુખ થતા જાવ. ડિગ્રી પ્રાપ્તિ માટે વધુ પરિશ્રમની જરૂર જણાય. આત્મવિશ્વાસ દૃઢ રાખશો તો યોગ્ય ફળ મેળવશો.

(૬) કન્યા રાશિ : (પ.ઠ.ણ.)



વિ.સં. ૨૦૭૨ના વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા બારમા વ્યય સ્થાને રહેતાં તા. ૧૧-૮-૧૬થી તમારી રાશિમાં આવશે. શનિ આખું વર્ષ તમારા ત્રીજા પરાક્રમ સ્થાને રહે છે. રાહુ વર્ષની શરૂઆતમાં તમારી જ રાશિમાં અને કેતુ તમારા સાતમે રહેતાં તા. ૨૯-૧-૧૬થી રાહુ તમારા બારમા વ્યયસ્થાને અને કેતુ તમારા છઠ્ઠા સ્થાને આવશે. મંગળ તમારી રાશિથી તમારા ચોથા સુખ સ્થાન સુધીનું ભ્રમણ પુરું કરે છે.

વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા બારમા વ્યયસ્થાને રહે છે. જે અહીં અનુકૂળ નથી. આપ્તજનો અંગેની કંઈક ને કંઈક તકલીફો રહે. વધુ પડતાં ખર્ચના કારણે આંતરિક-માનસિક ટેન્શન રહ્યા કરે. પારિવારિક ખર્ચના મોટા પ્રસંગો બને. અંગત વ્યકિત કે આત્મજનો દ્વારા વિશ્વાસઘાતના યોગ બને. સ્થાવર મિલ્કત બાબતના પ્રશ્નો પાર પડે. બેદરકારીની સજા આર્થિક-શારીરિક અનેકગણું નુકસાન થાય. ધંધા-વ્યવસાયિકોને નાની મોટી ગરબડો રહે. ધીરધારનો ધંધો કરનારને મોટા નુકસાનના યોગ બને. ગેરમાર્ગે ધનવ્યય વધુ થાય. બેકારવર્ગને નોકરી પ્રાપ્તિના યોગ બને. ખાન પાનની અનિયમિતતા નાની મોટી બિમારી લાવે. ધાર્મિક કાર્યો પાછળ ધન વ્યય વધુ થાય. બિનજરુરી ખર્ચના કારણે આર્થિક તકલીફો આવે.

તા. ૧૧-૮-૧૬થી ગુરૂ તમારી રાશિમાં આવશે. આ ગુરુ માટે અનેક મતમતાંતર છે. મહેનત-પરિશ્રમનું ફળ સારું મળે. કૌટુંબિક ધનવૃદ્ધિના યોગ બને. અણધાર્યા આર્થિક લાભના યોગ બને. કોર્ટ-કચેરીના પ્રશ્નોનો ઉકેલ આવે. અનેક લાંબી યોજનાઓ આર્થિક લાભ આપે. નવી ભાગીદારીના યોગ બને. લાંબા સમયથી ચાલતા કોર્ટ કચેરીના પ્રશ્નોના ઉકેલ આવે. ધંધા-વ્યવસાયિક લાંબી મુસાફરી લાભદાયી નિવડે. સંતાનની પ્રગતિ થાય. લગ્ન કરવા ઈચ્છુકો માટે સમય આશાવાદી નિવડે. તમારા સાહસ અને હિંમતમાં વધારો થાય. બાહ્ય ઉપાધિઓ વધુ રહે. સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થાય. વડિલવર્ગની તબિયતની કાળજી રાખવી. શારીરિક, તકલીફોથી સંભાળવું. વિચારોની ચંચળતા તમને સ્થિર નિર્ણય ન લેવા દે. ગમા અણગમાના ભેદથી તમે પીડાશો.

શનિ આખુ વર્ષ તમારા ત્રીજા પરાક્રમ સ્થાને રહે છે. જે મિશ્રફળદાયી ગણાય. ભાઈ-ભાંડુ સાથે વૈચારિક મતભેદો રહે. ધંધા-વ્યવસાયિક સાહસથી સફળતાના યોગ બને. આંતરિક-માનસિક અશાંતિ રહે. લખાણ કે દસ્તાવેજ સંબંધી કાર્યોમાં નાની મોટી તકલીફો રહે. તમારી જીવન પદ્ધતિમાં અનેક ફેરફારો આવે. કૌટુંબિક ધનસંપત્તિની વૃદ્ધિ થાય. વધુ મહેનત-પરિશ્રમ છતાં વિલંબ બાદ સફળતાના યોગ બને. કોઈ મહત્વના નિર્ણયમાં થાપ ખાઈ ન જાવ તેની કાળજી રાખવી. જવાબદારીની મર્યાદા ઓળંગાઈ ન જવાય તેની કાળજી રાખવી. નોકરીયાત વર્ગને સહકાર્યકરો સાથે મનદુઃખના પ્રસંગો બને. સ્થાન પરિવર્તન માટેના તમારા પ્રયત્નો નિષ્ફળ જતાં જણાય. આર્થિક સ્થિતિ સુધરતી જણાય. વ્યવસાયિકોને ઉઘરાણી લાંબા સમય બાદ મળતાં રાહત જણાય. સાહસિક કાર્યોમાં વિલંબ બાદ સફળતા મળે.

રાહુ વર્ષની શરૂઆતમાં તમારી રાશિમાં રહે છે. જે તમારી માનસિક શાંતિને હણી લે. અનેક સંકટ-મુશ્કેલીઓનો સામનો કરવો પડે. મસ્તકપીડા તેમજ મગજ પર ખોટી ગરમીની અસરો વધુ રહે. અણધારી મુશ્કેલીઓનો સામનો કરવો પડે. ભાગીદારીના વ્યવસાયિકો આર્થિક નુકસાનના ભોગ બને. કુટુંબના સભ્યો સાથે વૈચારિક ઘર્ષણ રહે. તમારી જીદના કારણે અંગત સંબંધોમાં તિરાડ પડે. વિરોધીઓ દ્વારા હેરાનગતિ ભોગવવી પડે. લોહીવિકાર કે ડાયાબિટીસ-બ્લડપ્રેશર જેવી તકલીફોવાળાએ સંભાળવું. તમારી મનોવેદના વધતી જણાય. નોકરીયાત વર્ગને નોકરીમાં ઉપાધિ આવે.

કેતુ વર્ષની શરૂઆતમાં તમારા સાતમે રહે છે. જે શારીરિક તકલીફોમાં વધારો કરે. આંતરિક દામ્પત્યજીવન અંગેની તકલીફો રહે. ભાગીદારીના વ્યવસાયિકોને અપયશના ભોગ બને. કોર્ટ કચેરીને લગતા કાર્યોમાં સંભાળવું. ફસાઈ ન જવાય તેની કાળજી રાખવી. દામ્પત્યજીવનમાં ઘર્ષણ રહે. ગુપ્તદર્દ સંબંધી તકલીફો રહે. થાક-બેચેની વધુ રહે. શત્રુઓથી સંભાળવું.

તા. ૨૯-૧-૧૬થી રાહુ તમારા બારમા વ્યયસ્થાને આવશે. બારમે રાહુ અનુકૂળ નથી. અંગત વ્યકિત દ્વારા તમારી વિરુદ્ધ ષડયંત્ર રચાય. તમે આર્થિક રીતે ઘસાતા જાવ ખોટી સોબતોથી દૂર રહેવું. ગેર માર્ગે દોરવાઈ ન જવાય તેની કાળજી રાખવી. આર્થિક મોટા નુકસાનના યોગ બને. વધુ પડતો કોઈના પરનો વિશ્વાસ તમને મુશ્કેલીમાં મુકી દે. તમારી બુદ્ધિ અને વિચારોમાં ભ્રમ પેદા થાય. માન-હાનિ થવાના યોગ બને. સટ્ટાકીય કાર્યો કરનારને મોટા નુકસાન થવાના યોગ બને. આવક પ્રાપ્તિ માટેના તમારા પ્રયત્નો નિષ્ફળ થતા જણાય.

તા. ૨૯-૧-૧૬થી કેતુ તમારા છઠ્ઠા રોગ શત્રુ સ્થાને આવશે. અંગત વ્યકિતઓ જ તમારી વિરુદ્ધ ષડયંત્ર રચે. આંતરિક-માનસિક અશાંતિ રહે. નોકરીયાત વર્ગને તકલીફો કે બદલી થવાના યોગ બને. બેકારવર્ગને નોકરી માટેના પ્રયત્નો નિષ્ફળ નિવડતા જણાય. ગેસ-અપચા કે મંદ પાચનશકિત સંબંધી તકલીફો રહે. માનહાનિના પ્રસંગો બને. અંગત વ્યકિત દ્વારા વિશ્વાસઘાતનાં યોગ બને.

● **સ્ત્રીઓ માટે :** સ્ત્રીઓ માટે આ વર્ષ મિશ્ર ફળદાયી ગણાય. કુટુંબના સભ્યો દ્વારા છેતરપીંડી થવાના યોગ બને. દામ્પત્ય જીવનમાં ખટરાગ વધે. કૌટુંબિક સમસ્યાનો ઉકેલ ન આવતાં તમે મુંઝાશો. નોકરી કરતી સ્ત્રીઓને ઉપરીવર્ગથી અણબનાવ રહે. સતાન અંગેની ચિંતા રહે. શારીરિક નાની મોટી તકલીફો રહે. તમારા આત્મવિશ્વાસમાં ઘટાડો થાય. માનસિક અસ્વસ્થામાં વધારો થાય. કોર્ટ કચેરીને લગતા કાર્યોમાં અવરોધો આવે. નોકરી કરતી સ્ત્રીઓને સમય કસોટીમય ગણાય. તમારી આંતરિક જવાબદારીમાં વધારો થાય. ખાનપાનની અનિયમિતતા તમારા આરોગ્યને બગાડે.

● **વિદ્યાર્થીઓ માટે :** વિદ્યાર્થીઓ માટે સમય મિશ્રફળદાયી ગણાય. મહેનતના પ્રમાણમાં સફળતા ઓછી મળે. ખરાબ સોબતથી દૂર રહેવું જરુરી બને. ખોટા આવેગથી નકારાત્મક ફળની પ્રાપ્તિ થાય. મિત્રવર્ગથી દગો કે વિશ્વાસઘાતના યોગ બને. ડિગ્રી પ્રાપ્તિ માટે તમારે વધુ પરિશ્રમની જરૂર જણાય. ઈતરપ્રવૃત્તિ તરફનું ધ્યાન ઓછું કરવાની જરૂર જણાય. શારીરિક તકલીફો તમારા અભ્યાસમાં અવરોધરૂપ બને. અભ્યાસ અર્થે વિદેશમાં જવા ઈચ્છનારને અનેક તકલીફોનો સામનો કરવો પડે. અભ્યાસ સાથે સામાજિક કાર્યો કરનારે સંભાળવું.

(૭) તુલા રાશિ : (ર.ત.)

વિ.સં. ૨૯૭૨ના વર્ષની શરૂઆતમાં ગુરુ તમારા લાભ ભાવે રહેતા તા. ૧૧-૮-૧૬થી તમારા બારમા વ્યયસ્થાન આવશે. શનિ આખું વર્ષ તમારા બીજા ધનસ્થાને રહે છે. અહીં તમારે સાડાસાતી પનોતીનો ત્રીજો અને છેલ્લો તબક્કો ચાંદીના પાયે ચાલે છે. રાહુ વર્ષની શરૂઆતમાં તમારા બારમા વ્યયસ્થાને અને કેતુ છઠ્ઠે રહેતાં તા. ૨૯-૧-૧૬થી રાહુ તમારા અગિયારમા લાભભાવે અને કેતુ પાંચમે આવશે. મંગળ તમારા વ્યયસ્થાનથી તમારા ત્રીજા સ્થાન સુધીનું ભ્રમણ પુરું કરે છે.

વર્ષની શરૂઆતમાં ગુરુ તમારા લાભ ભાવે રહે છે. જે આવકવૃદ્ધિના યોગ બનાવે. નાણાંકીય પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરશો. વડિલવર્ગ તરફથી આર્થિક સહાયતા સારી મળે. ધંધાકીય કાર્યોમાં ઈચ્છિત લાભ મળે. શત્રુઓ પર વિજય પ્રાપ્ત થાય. ભાગીદારીના વ્યવસાયિકોને વિશેષ લાભ મળે. સટ્ટાકીય કાર્યમાં સફળતા સારી મળે. સંતાનોનો વિકાસ સારો થાય. નોકરિયાત વર્ગને બઢતી કે પ્રમોશનના ચાન્સ સારા મળે. આર્થિક પ્રગતિ સારી થાય. આર્થિક સદ્ધરતા માટેની નવી યોજનાઓ લાભ અપાવે. લાંબા સમયની યોજનાઓ લાભદાયી નિવડે. આધુનિક સુખ સાધનોની વૃદ્ધિ થાય. કૌટુંબિક યશ ઓછો મળે. નોકરીયાત વર્ગને બઢતી અંગેના ચાન્સ સારા મળે. ધંધા-વ્યવસાયિક મુસાફરી લાભદાયી નીવડે.

તા. ૧૧-૮-૧૬થી ગુરુ તમારા બારમા વ્યયભાવે આવશે. જે અનુકુળ નથી. આર્થિક હાનિ થાય. અનેક મુશ્કેલીઓનો સામવો કરવો પડે. અંગત વ્યકિત દ્વારા વિશ્વાસઘાતના યોગ બને. માનસિક ટેન્શનમાં વધારો થાય. બિનજરુરી ખર્ચના કારણે 'એક સાંધતા તેર તૂટે' તેવી પરિસ્થિતિ સર્જાય. નોકરિયાત વર્ગને શુભ ફળદાયી ગણાય. મોજશોખની વસ્તુઓ પાછળ વધુ ખર્ચ થાય. ધંધાકીય ઉઘરાણી ફસાઈ ન જાય તેની કાળજી રાખવી. હિતશત્રુઓ તમારી વિરુદ્ધ કાવતરા ઘડે. ધાર્મિક કાર્યમાં ખર્ચ થાય. બેકારવર્ગને નોકરી પ્રાપ્તિ માટેના ચાન્સ સારા મળે. નોકરિયાત વર્ગને બઢતી કે પ્રમોશનના ચાન્સ સારા મળે. માનસિક અશાંતિ વધુ રહે.

શનિ આખું વર્ષ તમારા બીજા ધન સ્થાને રહે છે. અહીં તમારે સાડાસાતી પનોતીનો ત્રીજો અને છેલ્લો તબક્કો ચાંદીના પાયે ચાલે છે. આર્થિક-કૌટુંબિક તેમજ આંતરિક અશાંતિ રાખે. કૌટુંબિક મનદુઃખના પ્રસંગો બને. કુટુંબના સભ્યો તરફથી નુકસાન થવાના યોગ બને. વિલ-વારસામાં રૂકાવટો આવે. અંગત વ્યકિત દ્વારા આર્થિક દગો થવાના યોગ

શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર
શુભ દીપાવલી
નૂતન વર્ષાભિનંદન...
વિક્રમ સંવત ૨૦૭૨ નવા વર્ષે સમાજને શિક્ષણ, સંગઠન અને રોજગારલક્ષી રચનાત્મક પ્રવૃત્તિઓથી નવી દિશામાં લઈ જવાનો સંકલ્પ લઈએ તેવી અભ્યર્થના તેમજ નૂતન વર્ષ સમાજના તમામ પરિવારજનો માટે સુખ-સમૃદ્ધિ અને આરોગ્યમય બની રહે તેવી નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ અને શુભકામનાઓ પાઠવીએ છીએ.
પ્રદિપસિંહ પી. વાઘેલા, મહામંત્રીશ્રી
કરણસિંહ બી. વાઘેલા, પ્રમુખશ્રી
શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર કારોબારી સમિતિ
રાજપૂત ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર

અમારા માનવંતા ગ્રાહકો, મિત્રો અને શુભેચ્છકોને નવા વર્ષના
નૂતન વર્ષાભિનંદન...
ગાંધીનગરની સ્વાદપ્રિય જનતાના હૃદયમાં વર્ષોથી આગવું સ્થાન ધરાવતી
રમણીય ગાંધીનગર શહેરના મધ્યમાં જૂની અને જાણીતી હોટલ
જમવાનું જેનું શ્રેષ્ઠ - રહેવા માટે બેસ્ટ
હોટલ ગોકુલ ડાઈનીંગ હોલ એન્ડ ગેસ્ટ હાઉસ
● ગુજરાતી થાળી ● માસિક જમવાની વ્યવસ્થા
● એસી તથા નોન એસી રૂમ ● ટીફીન સેવા ઉપલબ્ધ
● પાર્ટી ઓર્ડર સ્વીકારવામાં આવશે
પ્લોટ નં. ૪૩૭, શાલીમાર સીનેમાની બાજુમાં, ઘ-૫, સેક્ટર-૧૬, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૪૮૬૨૮

અમારા ગ્રાહક મિત્રો, સ્નેહીજન અને શુભેચ્છકોને નવા વર્ષના
નૂતન વર્ષાભિનંદન
AUTHORIZED DEALER
Corfom THE ORIGINAL MATTRESS, Nilkamal, DAMRO
દરેક પ્રકારના વુડન અને સ્ટીલ ફર્નીચરના વિક્રેતા
ઘનશ્યામ ફર્નિચર
ફોન : ૨૩૨૨૯૪૫૮ ૨૩૨૨૧૦૫૮
પ્લોટ નં. ૮૫૨, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર
E-mail : ghanshyam_furniture@yahoo.co.in
સોમવારે રજા

Wish you a Happy Diwali & Prosperous New Year
SUKHADIA'S SINCE 1988 QUALITY PURE & SURE
વૃન્દાવન
SECTOR - 21
A-12, District Shopping Centre
Nr.Relaince,Sector 21,Gandhinagar
Phone:079 2324 7788 ,6572 7788
SECTOR - 07
4,Main Shopping Center,
Sector-7,Gandhinagar (Guj.)
Ph: 079 2322 4466, 6572 6112
SECTOR - 03
1654,Main Shopping Center,
Sector-3,Gandhinagar (Guj)
Ph: 079 6572 5140
sweets namkin snacks bakers mukhwas choclates
Also Fancy Gift Pack Available
Wish you a Happy Diwali & Prosperous New Year
જય અંબે સ્વીટ માર્ટ
JAY AMBE SWEET MART
2,Main Shopping,Sector-22
Gandhinagar(Guj.)Phone:2322 6050
BRANCH
Opp. IBP Petrol Pump
GH-5 Corner,Sector-22,
Gandhinagar, Phone:2324 9450
Visit us: www.vrindavansweets.com
email: support@vrindavansweets.com
email:chetankandoi@yahoo.co.in

અમારા માનવંતા ગ્રાહક મિત્રો, સ્નેહીજનો અને શુભેચ્છકોને
નૂતન વર્ષાભિનંદન
વસાવો તમારા સ્વપ્નનું ફર્નિચર... અને એ પણ અલંગના લાકડામાંથી
અલંગનું ફર્નિચર એક જ ભાવ
ઘરનું ફર્નિચર બનાવી આપવામાં આવશે
હેપ્પી હોમ ફર્નિચર
અનિરૂદ્ધસિંહ ચુડાસમા (ધંધુકાવાળા)
www.facebook.com/hhfindia (M) 98240 72479 (O) 079-232 62494
(ફેક્ટરી) ચ-૭ પાસે, પ્લોટ નં.૧૯, જી.ટી.એસ. પાસે, સેક્ટર-૩૦, ગાંધીનગર.